# ઈરાક સાથેના યુદ્ધનો બોધપાઠ અમેરિકાએ ઈરાન માટે લેવો જોઈતો હતો

9 એપ્રિલ, 2003ના રોજ ઇરાકની રાજધાની બગદાદની મધ્યે આવેલી સદ્દામ હુસૈનની પ્રતિમાને તોડી પાડવામાં આવી હતી. તેના પાયામાં લાગેલી ધાતુની તકતીને ઉખેડી નાખવામાં આવી હતી. આરસપહાણના જે ચોતરા ઉપર પ્રતિમા હતી, તેને હથોડાથી તોડી નાખવામાં આવ્યો હતો. શરૂઆતમાં ઇરાકના નાગરિકોએ આ પ્રતિમાને પાડવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ પ્રતિમા ઉપર ચઢી ગયા અને તેના ગળામાં ગાળિયો નાખીને પછાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેને તોડવામાં નિષ્ફળ રહ્યા હતા. છેવટે આ વિશાલ પ્રતિમાને પાડવા માટે અમેરિકાના સૈનિકોએ બખ્તરબંધ ગાડીનો ઉપયોગ કર્યો. આ ક્ષણ ઇરાકમાં સત્તાપરિવર્તનનાં પ્રતીકરૂપ હતી. 20 દિવસ અગાઉ અમેરિકા તથા સહયોગી દેશોની સેનાઓએ ઇરાક ઉપર પોતાના હુમલાની શરૂઆત કરી હતી. શરૂઆતમાં ભારે બોમ્બમારો કર્યો હતો. દરમિયાન ઇરાકના તત્કાલીન રાષ્ટ્રપતિ સદ્દામ હુસૈનની હત્યા માટે ક્રૂઝ મિસાઇલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રતિમા ભંજનનાં ત્રણ અઠવાડિયાં બાદ અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ જ્યોર્જ ડબલ્યૂ. બુશ કેલિફોર્નિયાના તટ ખાતે લાંગરેલા અમેરિકાના વિમાનવાહક જહાજ ઉપર પહોંચ્યા હતા. જ્યાં તેઓ ‘મિશન અકમ્પ્લિસ્ડ’ (અભિયાન પૂર્ણ થયું) બેનરની નીચે ઊભા હતા. વાસ્તવમાં એ મિશન અધૂરું હતું. હવે, એ યુદ્ધનો ઓછાયો હાલના ઈરાન સંઘર્ષ ઉપર પણ જોવા મળી રહ્યો છે, કારણ કે ઇરાકનું યુદ્ધ એવું યુદ્ધ હતું કે જેણે ઊંડા ઘાવ છોડ્યા હતા. કારણ કે એ પછી ઘટનાઓનો એવો ક્રમ શરૂ થયો, જેનું કોઈએ અનુમાન નહોતું કર્યું. આ યુદ્ધે વિનાશ અને મૃત્યુ સ્વરૂપે ઉઝરડાં છોડ્યાં. કેટલાંક અનુમાનો પ્રમાણે, વર્ષ 2003થી 2011 દરમિયાન યુદ્ધને કારણે ઇરાકમાં ચાર લાખ 61 હજાર લોકોનાં મૃત્યુ થયાં તથા અમેરિકાએ આ યુદ્ધ માટે ત્રણ ટ્રિલિયન ડોલરનો ખર્ચો કરવો પડ્યો હતો. યુદ્ધને કારણે મધ્યપૂર્વ એશિયામાં નવી પરિસ્થિતિએ આકાર લીધો. આજે, અમેરિકાએ આ વિસ્તારમાં ફરી એવું યુદ્ધ શરૂ કર્યું છે કે જેને કેટલાક લોકો ‘વૉર ઓફ ચોઇસ’ એટલે કે મરજીથી શરૂ કરાયેલું યુદ્ધ જણાવી રહ્યા છે. આ વખતે ઇરાકના પાડોશી દેશ ઈરાનની સામે યુદ્ધ શરૂ કરવામાં આવ્યું છે. આ બંને યુદ્ધની વચ્ચે કેટલીક સમાનતા છે, તો કેટલાક તફાવત પણ છે. જે આપણને જણાવે છે કે ત્યારથી લઈને અત્યારસુધીમાં વિશ્વ કેટલું બદલાઈ ગયું છે તથા ઇરાક યુદ્ધની નિષ્ફળતાનું પુનરાવર્તન અટકાવી શકાય કે નહીં. અમેરિકાના ઇરાન અને ઇરાક સાથેના યુદ્ધ વચ્ચેની સામ્યતાની વાત કરીએ તો વર્ષ 2003માં પ્રારંભિક વિજય બાદ લાંબા અને ખેંચાયેલા ‘કબજા’નો ગાળો આવ્યો, કારણ કે બળવાખોરી અને ગૃહયુદ્ધ ઇરાકને નાગચૂડમાં લઈ લીધું હતું. અમેરિકા ફરીથી એ જ પરિસ્થિતિમાં ફસાવા નથી માંગતું, જોકે, પ્રતિબદ્ધતા વગર વ્યાપક લક્ષ્યાંકોને પાર પાડવાં મુશ્કેલ જણાય છે. ઇરાક અને ઈરાનમાં એક મુખ્ય સમાનતા જોવા મળે છે. બંને મોરચે ભાવિ યોજના ઘડાયેલી ન હતી અને તેનો અભાવ સ્પષ્ટપણે વર્તાય છે. ખરેખર ધ્યેય શું છે, તેના સંબંધે પણ ભ્રમની સ્થિતિ પ્રવર્તે છે. વર્ષ 2003માં ઇરાકના ભવિષ્ય વિશે અલગ-અલગ દૃષ્ટિકોણ હતા, જેનો ક્યારેય ઉકેલ ન આવ્યો. સૈન્યકાર્યવાહી પૂર્ણ થયા પછી શું કરવાનું છે, તેના વિશે કોઈ નક્કર યોજના ન હતી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોન બોલ્ટને બે દાયકા બાદ કહ્યું હતું, ઇરાકના લોકો માટે નવી સરકાર બનાવવાના પ્રયાસોમાં ભૂલ થઈ હતી. આપણે ઇરાકીઓને કહેવું જોઈતું હતું જોકે, તેનાથી મધ્યપૂર્વ એશિયામાં લોકશાહી સ્થાપિત કરવા માંગતા લોકો સાથે અન્યાય થયો હોત, જેઓ સૌ પહેલાં ઇરાકમાં લોકશાહી લાવવા માંગતા હતા. ઇરાકમાં યુદ્ધ પછી જે પરિસ્થિતિ હતી, તેના કરતાં હાલમાં અત્યારે સારી સ્થિતિ છે તથા અનેક લોકો સદ્દામ હુસૈનના શાસનના પતનથી રાજી થયા છે.જોકે, કેટલાક લોકોના દાવા પ્રમાણે, મધ્યપૂર્વ એશિયામાં લોકશાહીની સ્થાપના નથી થઈ. આથી વિપરિત ઇરાક ઉપરના આક્રમણ પછી જે મોટા વિજેતા બન્યા, તેમાં ઈરાન પણ સામેલ હતું, કારણ કે તેના મુખ્ય હરીફ સદ્દામ હુસૈનને હઠાવી દેવામાં આવ્યા હતા. યુદ્ધ પછીનાં વર્ષો દરમિયાન ઇરાકની અંદર પોતાની પેઠ વધારવાની તક ઈરાનને મળી. એટલુંજ નહીં, તેના કારણે બ્રિટન તથા પશ્ચિમી દેશોમાં આતંકવાદનું જોખમ અગાઉ કરતાં વધી ગયું. યુદ્ધોમાં મોટા ભાગેલોકોએ જેવી આશા રાખી હોય અથવા ઇચ્છતા હોય, તેવાં પરિણામ નથી આવતાં.

વર્ષ 2003માં અમેરિકા પોતાના સાથી દેશો વિશેષ કરીને બ્રિટનની સાથે યુદ્ધમાં ઊતર્યું હતું. બ્રિટનના વડા પ્રધાન ટોની બ્લેયર યુદ્ધ સમયે અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ બુશની પડખે ઊભા હતા.

વર્ષ 2002માં ઉનાળા દરમિયાન બ્લેયરે એક પ્રાઇવેટ નોટ લખી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે ભલે કંઈ પણ થાય તેઓ અમેરિકાના નેતા સાથે રહેશે. તેમની આ નોટ વિશે ખૂબ જ ચર્ચા થઈ હતી.

ઇરાક ઉપર આક્રમણની 20મી વરસીએ તેમણે મને ઇન્ટર્વ્યૂમાં જણાવ્યું હતું, હું જ્યારે વડા પ્રધાન હતો, ત્યારે મારે સૌ પહેલાં કોને ફોન કરવાનો છે, એ વાતે કોઈ અવઢવ ન હતી, ચાહે રાષ્ટ્રપતિપદે ક્લિન્ટન હોય કે બુશ. જોકે, બ્લેયરની પ્રતિબદ્ધતા અંગે તેમના નિકટના વર્તુળના કેટલાક લોકો સાવધ હતા. તેમના તત્કાલીન વિદેશ મંત્રી જેક સ્ટ્રોએ કહ્યું હતું કે ‘વ્હોટએવર નોટ’ સારો વિચાર ન હતો. કેટલાક આલોચકોનું કહેવું છે કે આના બદલામાં તેઓ કેટલો પ્રભાવ ઊભો કરવામાં સફળ રહ્યા? બ્લેયરે ઇરાક ઉપર હુમલો કરતા પહેલાં યુએનની મંજૂરી લેવાનો માર્ગ અપનાવવા માટે અમેરિકાને તૈયાર કર્યું. જોકે, અમેરિકા દ્વારા આના માટે અધૂરા મનથી પ્રયાસ કરવામાં આવ્યા હતા, જેના કારણે તે પ્રયાસ નિષ્ફળ સાબિત થયા. જોકે, જ્યારે પીછેહઠ કરવાની તક આપવામાં આવી, ત્યારે બ્લેયરે કહ્યું હતું કે તેઓ યુદ્ધમાં વિશ્વાસ રાખે છે અને તેમણે પીછેહઠ કરવાનો ઇન્કાર કરી દીધો હતો. બ્લેયરે વર્ષ 2003માં કહ્યું હતું, આ એ સ્થાન છે કે જ્યાં તમારે એ સમયે વડા પ્રધાન તરીકે નિર્ણય લેવાના હોય છે. તેઓ મને બહાર નીકળવા માટે માર્ગ કરી આપવા તૈયાર હતા, કારણ કે તેમને રાજકીય દૃષ્ટિએ મારી કપરી પરિસ્થિતિ ઉપર અફસોસ થઈ રહ્યો હતો, પરંતુ તેના કારણે સંબંધો ઉપર અસર થઈ હોત. અને ખરેખર તો તેમના માટે રાજકીય કિંમત ખૂબ જ ભારે રહી હતી, કારણ કે જે મહાવિનાશકારી હથિયારોને આગળ કરીને તેમણે કાર્યવાહી કરી હતી, તેમનું અસ્તિત્વ જ ન હતું. આને કારણે ન કેવળ ટોની બ્લેયરને નુકસાન થયું, પરંતુ લોકોને જે કંઈ કહેવામાં આવતું હતું, તેના ઉપરથી પણ જનતાનો વિશ્વાસ ઊઠી ગયો.

જેક સ્ટ્રોએ કહ્યું, આને કારણે જાહેરજીવનમાં લોકોએ રાજનેતાઓ ઉપર વિશ્વાસ કરવાનું ઘટાડી દીધું તથા મને એ વાતમાં કોઈ શંકા નથી.

## પોતાનું સપનાનું ઘર

એક ભાઈ નવું ઘર લેવાનો વિચાર કરી રહ્યા હતા. એક દિવસ છાપામાં તેમણે ઘર વેચવું છે હેઠળ એક જાહેરાત વાંચી--- ‘એક સુંદર ત્રણ બેડરૂમ હોલ કિચન વિથ ટેરેસ... મહાનગરની વચ્ચે હિલ્સનો રમણીય નજારો પોતાની અગાસીમાં ટેરેસ ગાર્ડનમાં રોજ પંખીઓના કલરવ વચ્ચે નાસ્તો કરવાનો આનંદ વગેરે વગેરે....’જોવા ખરીદવા કોન્ટેક્ટ કરો --- ખૂબ જ સુંદર વર્ણન સાથે આ જાહેરાત લખવામાં આવી હતી. ભાઈ એકદમ પ્રભાવિત થઈ ગયા. વિચાર્યું બસ આવા જ ઘરની કલ્પના મેં કરી છે, આજે જ આ ઘર જોવા જવું છે. તેમણે પોતાના એજન્ટને ફોન કરી છાપાની જાહેરાતની વાત કરી અને કહ્યું, ‘ભાઈ મને આવું જ ઘર જોઈએ છે તમે જલ્દીથી જાહેરાતમાં



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

આપેલા કોન્ટેક્ટ નંબર ઉપર તપાસ કરીને જણાવો અને મીટીંગ ફિક્સ કરો દલાલે કહ્યું હા સર મને બે કલાકનો સમય આપો કોની જાહેરાત છે ઘર ક્યાં છે? કોણ એજન્ટ છે કોણ માલિક છે બધી તપાસ કરી તમને જણાવું છું અને બને તો આજે જ અથવા કાલે મીટીંગ ફિક્સ કરું છું.’ દલાલે પોતાના આસિસ્ટન્ટને છાપાની જાહેરાત વિષે તપાસ કરવાના ચક્રો ગતિમાન કરવા જણાવ્યું. લગભગ કલાક બાદ આસિસ્ટન્ટ દોડતો એજન્ટ પાસે આવ્યો અને બોલ્યો, ‘સર, આ જાહેરાત તો મેં જ લખી છે અને આપણે જ આપી છે.’એજન્ટે કહ્યું, ‘તો તો બહુ સારી વાત છે વેચનાર અને ખરીદનાર બંને તરફથી આપણને જ દલાલી મળશે જલદી મીટીંગ ગોઠવ.’ આસિસ્ટન્ટએ કહ્યું, ‘પણ સર જેમને ખરીદવું છે ને તેમનું જ આ ઘર છે !!!’આ સાંભળી એજન્ટ બે ઘડી સ્તબ્ધ થઈ ગયો પછી તે પેલા ભાઈના ઘરે ગયો અને પછી વાત સમજાવતા કહ્યું, ‘ભાઈ આ તો તમારે ઘર વેચવું હતું એટલે અમે જ તમારા ઘર માટે જાહેરાત આપી હતી. આ સાંભળી પેલા ભાઈ વિચારમાં પડી ગયા કે---‘મારા ઘરનું કેટલું સુંદર વર્ણન કર્યું, કેટલી સરસ કિંમત કરી. હું વર્ષોથી અહીં જ રહું છું તો મને તો તે સપનાનું ઘર નથી લાગતું અને જાહેરાત વાંચીને એ જ ઘર મને સપનાના ઘરની બધી જ ખૂબી ધરાવતું હોય તેવું લાગે છે.’ આજ છે માનવ મનની સ્થિતિ... આપણને બધાને બહારનું, દૂરનું, બીજાનું ઘણું બધું સારું લાગે છે અને પોતાનું આસપાસનું, અંદરનું, ગમે તેટલું સુંદર હોય તેની તરફ જોવાની ફુરસદ જ નથી... કદર અને કિંમત જ નથી... એટલે જ આપણું મન બધું હોવા છતાં દુ:ખી રહે છે. ઈશ્વરે જે આપ્યું છે તેને માણો અને ખુશ રહો.

# આજે જ્યારે દુનિયા ત્રીજા વિશ્વયુદ્ધના દ્વારે આવીને ઊભી રહી છે ત્યારે ક્યૂબાની કટોકટી પરથી કોઈ બોધ લઈ શકાય?

છેલ્લા બે અઠવાડિયા કરતા વધારે સમયથી બે તુંડમિજાજી આખલાઓ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન નેત્યનાહુ ફૂંગરાયા છે. તોફાને ચઢેલા આ આખલાઓ આખા વિશ્વને નેસ્તનાબૂદ કરી નાખે તેવા ત્રીજા વિશ્વયુદ્ધને આરે લઈ જઈને ઊભું રાખે તે શક્યતાઓ દિવસે દિવસે વધતી જાય છે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ હાલમાં અનેક કાયદાકીય મુશ્કેલીઓમાં ઘેરાયેલા છે. તેઓ ઈઝરાયેલના ઈતિહાસમાં પ્રથમ એવા વડાપ્રધાન છે જેમના પર લાંચ-રુશ્વત, છેતરપિંડી અને પદના દુરુપયોગ જેવા ગંભીર ફોજદારી આરોપો હેઠળ કેસ ચાલી રહ્યો છે. જો આ આરોપો સાબિત થાય, તો તેમને ૧૦ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ ઉપરાંત, ‘ધ હેગ’ સ્થિત ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ ૨૧ નવેમ્બર, ૨૦૨૪ના રોજ તેમની સામે વોરંટ જારી કર્યું છે. ગાઝા યુદ્ધ દરમિયાન માનવતા વિરુદ્ધના અપરાધો અને ભૂખમરાને હથિયાર તરીકે વાપરવાના ગંભીર આક્ષેપો તેમની પર છે. બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ પણ એટલું જ વિવાદાસ્પદ રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ જે રીતે ઈરાનના તેલ અને ગેસના ભંડારો પર હુમલા કરી રહ્યા છે, તેનાથી વિશ્વમાં અણુયુદ્ધનો ભય વધી રહ્યો છે.

ડોનાલ્ડ ટ્રમ્પની હરકતો પણ બહુ વખાણી શકાય તેવી તો નથી જ. આ પરિસ્થિતિમાં ઈઝરાયલ અને અમેરિકા ભેગા થઈને જે રીતે ઈરાન પર હુમલા કરી રહ્યા છે અને ઈઝરાયલ બધાં નીતિ-નિયમોને નેવે મૂકીને ઈરાનના તેલ અનુ ગૅસના ભંડારો ઉપર છેલ્લા કેટલાંક દિવસોથી હુમલા કરી રહ્યું છે, તેને કારણે દુનિયામાં તણાવ વધતો જાય છે. હાલ પરિસ્થિતિ ખરેખર નાજૂક છે અને ગમે ત્યારે ગમે તે બની શકે છે.



## વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

### છેલ્લા કેટલાક સમયથી ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહુ જેવા નેતાઓના વલણને કારણે વૈશ્વિક શાંતિ જોખમમાં મુકાઈ છે

આજે જ્યારે બેજવાબદાર નેતૃત્વને કારણે દુનિયા ત્રીજા વિશ્વયુદ્ધના ઉંબરે આવીને ઊભી છે, ત્યારે ૧૯૬૨ની ‘ક્યુબન મિસાઈલ કટોકટી’ અને તે સમયના અમેરિકન તથા રશિયન પ્રમુખોની ગંભીરતાભરી વર્તણૂક પરથી બોધ લેવો અનિવાર્ય બન્યો છે. છેલ્લા કેટલાક સમયથી ડોનાલ્ડ ટ્રમ્પ અને બેન્જામિન નેતન્યાહુ જેવા નેતાઓના વલણને કારણે વૈશ્વિક શાંતિ જોખમમાં મુકાઈ છે.

ક્યુબન મિસાઈલ કટોકટી (૧૯૬૨): જ્યારે ડહાપણે દુનિયાને બચાવી : ઓક્ટોબર ૧૯૬૨માં વિશ્વ પરમાણુ વિનાશની સૌથી નજીક હતું, જેને ‘ક્યુબન મિસાઈલ ક્રાઈસિસ’તરીકે ઓળખવામાં આવે છે. આ ૧૩ દિવસનો સંઘર્ષ અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચેના શીત યુદ્ધનું ચરમબિંદુ હતું. ક્યુબામાં ફિદેલ કાસ્ટ્રોના સત્તાકાળ દરમિયાન સોવિયેત યુનિયને ત્યાં ગુપ્ત રીતે પરમાણુ મિસાઈલો ગોઠવવાનું શરૂ કર્યું. આ અમેરિકાની સુરક્ષા માટે સીધો પડકાર હતો. ૧૪ ઓક્ટોબરે અમેરિકી જાસૂસી વિમાને આ સાઈટ્સના ફોટા ઝડપ્યા. પ્રમુખ જ્હોન એફ. કેનેડીએ ‘ક્વોરેન્ટાઈન’(નૌકા અવરોધ) જાહેર કર્યો અને ચેતવણી આપી કે ક્યુબાથી થતો કોઈ પણ હુમલો સોવિયેત યુનિયનનો હુમલો ગણાશે. ૨૭ ઓક્ટોબર ૧૯૬૨નો દિવસ સૌથી ભયાનક હતો. એક અમેરિકી વિમાન તોડી પાડવામાં આવ્યું અને સમુદ્રમાં સોવિયેત સબમરીન ન્યુક્લિયર ટોર્પેડો છોડવાની તૈયારીમાં હતી. પરંતુ રશિયન અધિકારી વાસિલી આર્ખિપોવે મિસાઈલ છોડવાનો વિરોધ કરીને યુદ્ધ અટકાવ્યું.

કેનેડી-ક્રુશ્ચેવ સમજૂતી: પ્રમુખ કેનેડી અને નિકિતા ક્રુશ્ચેવે આખરે સમજદારી બતાવી. ગુપ્ત વાટાઘાટો દ્વારા નક્કી થયું કે સોવિયેત યુનિયન ક્યુબામાંથી મિસાઈલો હટાવશે, અમેરિકા ક્યુબા પર આક્રમણ નહીં કરવાનું વચન આપશે અને અમેરિકા ગુપ્ત રીતે તુર્કીમાંથી પોતાની મિસાઈલો હટાવી લેશે. આ સમજૂતીને કારણે વિશ્વ વિનાશમાંથી ઉગરી ગયું. ત્યારબાદ મોસ્કો અને વોશિંગ્ટન વચ્ચે સીધી વાતચીત માટે હોટલાઈન શરૂ કરવામાં આવી.

ક્યુબન કટોકટી આપણને શીખવે છે કે ગમે તેવો મોટો સંઘર્ષ હોય, સંવાદ અને સમજૂતી જ એકમાત્ર રસ્તો છે. ‘બ્રિંકમેનશિપ’(વિનાશના કિનારે જઈને અટકવું) જોખમી છે. આજના નેતાઓએ કેનેડી અને ક્રુશ્ચેવના ડહાપણમાંથી શીખવાની જરૂર છે કે સત્તાના અહંકાર કરતાં માનવતાનું રક્ષણ વધુ મહત્વનું છે. શક્તિનું સંતુલન અને સંયમિત વર્તન જ વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધથી બચાવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# નક્કામાં બની જવું તે પણ એક કળા છે

ફળોની લારી ચલાવનાર વાસી સફરજનને કટકાથી વારંવાર લૂછીને ઊજળાં રાખતો હતો. પૂછ્યું: ‘‘વાસી સફરજનને ઊજળાં કરે છે?’’ જવાબ મળ્યો: ‘‘વાસીને વેચાણમાં ખપાવવા આમ કરવું પડે, ફ્રેશને વાંધો નહીં આવે.’’

માણસને પણ પ્રતિષ્ઠા જાળવવા ઊજળા દેખાવું પડે છે. માણસ ગમે તેમ કરીને પોતાનો ચળકાટ જાળવી રાખીને, સતત ખપવા માંગે છે. પોતાનો ભાવ બોલાવવા સતત ચળકાટમાં રહેવું પડે એવો વખત આવ્યો છે! વાસી, નક્કામા માણસનો કોઈ ભાવ પૂછતું નથી. રુઆબદાર ઠસ્સો, ચાલાકી, બોલકાપણું માણસના સમાજમાં સિક્કા પડે છે!

ઓશો રજનીશ કહેતા કે નક્કામાં બની જવું તે પણ એક કળા છે. ગ્રેટેસ્ટ જોય કમ્સ, વ્હેન યુ ડૂ યુઝલેસ થિંગ્ઝ ઈન વર્લ્ડલી આઈઝ! જ્યારે એક પણ પૈસાનો સ્વાર્થ ન હોય ત્યારે આપણે કોઈને માટે કામ કરીએ ત્યારે કેટલો બધો આનંદ આવે છે! પરંતુ આપણાં નાનાં- મોટાં કોઈ પણ પ્રકારના કાર્યમાં આપણો નિજી-સૂક્ષ્મ સ્વાર્થ છુપાયેલો હોય છે.

આપણે નક્કામાં થઈ જવાથી ડરીએ છીએ.

આપણને પ્રવૃત્તિમય રહેવાનું અને તેમાંથી મળતી વાસ્તવિક કે આભાસી મહત્તાનું વ્યસન થઈ જાય છે. માર્ગદર્શકો, સલાહકારો, ધર્મગુરુઓ, કથાકારો આપણને આપણી વૃદ્ધાવસ્થામાં પણ પ્રવૃત્ત રહેવાની સલાહ આપે છે. કેટલેક અંશે તે સાચી પણ છે, છતાં નક્કામી પ્રવૃત્તિમાં જે મઝા છે માણવા જેવી છે. જે મોટે ભાગે બાળપણમાં આપણે માણી હોય છે.

વાત વર્ષો પહેલાંની છે. અમેરિકામાં નોંધાયેલી છે. ત્યાંનાં કેટલાંક પ્રકૃતિદત્ત, શાંત, રમણીય પ્રદેશના મૂળ નિવાસી સાહિત્યકારો અને કવિઓ નાની ઉંમરે મૃત્યુ પામ્યાના ઘણા કિસ્સા નોંધાય છે! કારણ શું? કારણ કે તેઓ, તે જમાનામાં પ્રવૃત્તિ ગણાતી! સનસનાટીવાળા આર્ટિકલ લખતો લેખક ઊંચા ભાવે ખપે છે! કવિતા ખપતી નથી. કવિતાનો પુરસ્કાર પણ ભાગ્યે જ મળે છે!

જો કે હવે એવી સ્થિતિ રહી નથી એ આશ્વાસન લેવા જેવું છે. હવે તો AI કાવ્યો, ગઝલો અને નવલકથા લખી શકે એટલું સક્ષમ બની ગયું છે. સંવેદનાની ભાવાત્મક ચેષ્ટા પણ તેનો એક અંશ બની રહ્યો છે! આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ AI, આપણને ભવિષ્યમાં તદ્દન નક્કામાં બનાવી દેશે.

આજે પણ આપણને, કોઈ પણ પ્રકારના બદલાની આશા વગર કેટલીક પ્રવૃત્તિ કરવામાં ખૂબ જ આનંદ આવે છે. માંહ્યલો રાજી થાય છે. અમુક વ્યક્તિ ઉપર જાણ્યે-અજાણ્યે પ્રેમ ઉભરાય છે. છતાં આપણે એવી પ્રવૃત્તિઓ ઝાઝી કરી શકતાં નથી. પ્રેમની અભિવ્યક્તિ નવો ચીલો ચાતરીને કરી શકતાં નથી. સમાજનો ડર, પ્રતિષ્ઠાનો ડર આપણો પહેરો ભરીને ઊભો છે! આપણે તો રિસ્પેકેટડ દેખાવું છે. જેણે માત્ર રિસ્પેકટેડ જ બની રહેવું છે તે કોઈને ચાહી શકતાં નથી. કયારેક રિસ્પેકટેડ દેખાવા માટે અણગમતી પ્રવૃત્તિ કરવી પડે છે. આવાં લોકો સાચા અર્થમાં જીવતાં નથી! જીવી ખાય છે!

જે વ્યક્તિમાં, જે પ્રવૃત્તિમાં, જે વસ્તુમાં આપણને દિલચસ્પી હોય, ઊંડો લગાવ હોય, તે વ્યક્તિ સાથે, તે વસ્તુ સાથે નિરંતર, નિર્વ્યાજ, ખુલ્લેઆમ સત્સંગ કરી શકો તો થોડું વધુ લાંબુ જીવી શકાય એવું આધુનિક મનોવિજ્ઞાન કહે છે.

ધીમા પડો. અટકો. ઊંડા શ્વાસ લઈ ક્ષણિક થોભી જાવ. ક્ષણોને માણો,આવી બાબતો પર ઘણાં અધ્યયનો થઈ રહ્યાં છે. આજના અતિ વ્યસ્ત, દોડધામવાળા યુગમાં હવે આવી બાબતો આવશ્યક બનતી જાય છે.

એ જ સમાજ મહાન છે જ્યાં કવિઓ, કલાકારો, સંગીતકારો, સાહિત્યકારો, સાચાં પ્રેમીઓ લાંબુ જીવતાં હોય અને બહુજન સમાજ તેમનું માન સન્માન જાળવતો હોય. તેમની કદર કરતાં હોય.

ઘણાં માણસોને ઘણી વાર નવા વિચારો આવે છે. કયારેક નવું કરવાનો ઉમંગ મન પર કબ્જો જમાવી લે છે પરંતુ તેનો ત્વરિત અમલ કરી શકતાં નથી. માણસની સૌથી મોટી અને સાચ્ચી પીડા કઈ? વ્યક્તિનાં વર્તન-વ્યવહાર, આયોજન-પ્રયોજન પર હાથ ધરાયેલાં મનોવૈજ્ઞાનિક સંશોધનોથી સાબિત થયું છે કે માનવીના સ્વભાવની મોટામાં મોટી પીડા, તેને જ્યારે એક નવો વિચાર સૂઝે છે અને તે વિચારનો અમલ કરી શકતો નથી ત્યારે પેદા થાય છે. ઘણાં શ્રેષ્ઠ વકતાઓ, પત્રકારોએ શ્રેષ્ઠ કાર્યો કરી ખૂબ વાહ વાહ લૂંટી હોય. પુરસ્કારો અને સન્માન મેળવ્યાં હોય તેમ છતાં તેમનાં કેટલાંક સમયના પ્રવાહ સાથે સંતૃપ્ત થઈ જાય છે. ક્યારેક તેમાંથી છૂટકારો ઈચ્છે છે. પરંતુ છૂટવા માટેના સંકલ્પ બળના અભાવે તે શકય બનતું નથી! નક્કામાં બની જવાનો ડર તેમને ઊંડે-ઊંડે સતાવે છે!

વિનોદ પટેલ

### સિદ્ધિનો જીવન પ્યાલો ભરાઈ જાય ત્યારે બાજી સંકેલી લઈને આંતરિક વિકાસમાં લાગી જઈએ

ભગવાન બુદ્ધ પાસે બધું જ હતું. પણ તેમણે બધું જ ત્યજીને મહાભિનિષ્ક્રમણ કર્યું! આપણે તે કરી શકતાં નથી.

ચીની ફિલસૂફ લાઓત્સેની કીર્તિ જ્યારે ટોચ પર હતી ત્યારે તેણે સંસાર છોડી દીધો હતો અને એક બળદગાડું લઈને નીકળી પડયા હતા! ભરાઈ જાય ત્યારે તેને વધુ ભરવાની કોશિશ નહિ કરો. સમયસર અટકી જાવ. જ્યારે તમે સફળતાની ટોચ પર હો ત્યારે જ તમારા સ્વને, દુન્યવી ચીજોમાંથી ખેંચી લો અને જુઓ, તમારામાં દિવ્ય શક્તિનો સંચાર શરૂ થશે. આ સૃષ્ટિમાં કશું જ કાયમી નથી. જ્યારે કોઈ ચીજ પરિપકવ થાય છે ત્યારે તેણે ખરી જવું પડે છે. ફળ, ફૂલ, છોડ પરિપકવ થતાં ખરી પડે છે તેમ માનવે પણ ખરી જવું જોઈએ.’ આજથી 20 વર્ષ પહેલાંની સાચી ઘટના છે. લંડનની સાઈકિયાટીસ્ટ મહિલા ડોકટર- ‘સિયાન મેકિવર’એ અચાનક પ્રેકટીસ છોડી દીધી અને સ્ટેશન બહાર બેસીને બૂટ પોલિશનો ધંધો શરૂ કર્યો! તેને બહુ મઝા પડતી. તે એટલી વ્યવસ્થિત રીતે એકાગ્રતાથી અને ભાવથી બૂટપોલિસ કરતી કે તેની બૂટપોલિશની કંપની ‘બર્ફસ’ જાણીતી બ્રાન્ડ બની ગઈ! ચાલો, સિદ્ધિનો જીવન પ્યાલો ભરાઈ જાય ત્યારે બાજી સંકેલી લઈને આંતરિક વિકાસમાં લાગી જઈએ. સાવ નક્કામાં બની જઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## લોન કે ન લો ???

નાણા લોન એક એવું બ્રહ્માસ્ત્ર છે કે જેના થી તમે લાંબો કૂદકો લગાવી શકો છો.. પણ જો ગણતરી ખોટી પડીતો ગયા જ સમજો..લોન લેવા માટે ખરેખર ગણતરી પૂર્વક નું આયોજન ખુબજ જરૂરી.લોન નો ઉપયોગ ધંધા રોજગાર માં કરો તો ખુબજ ઉત્તમ પણ મોજ શોખ માટે કર્યો તો ખાડો j પડવાનો.. અને એ ખાડો પૂરતા લોકો ની આખી જિંદગી પૂરી થઈ જાય. પેહલા જ્યારે ૧૮ થી ૩૬% સુધી વ્યાજદર હતો અને આજે ૭ થી ૧૨% વ્યાજદર che.. જે ખુબજ ઓછો છે. આજ ના હોશિયાર માણસો પોતાના રૂપિયા ઈન્વેસ્ટ કરી ને લોન લઈ ને ધંધો કરે છે.. ૭ થી ૧૨ % સામે ૧૫ થી ૩૫% નો ફાયદો ઉઠાવે છે..વધુ બીજી વખત

**ઠાકોર પાર્ક અલથાણ - તેજસ જરીવાલા**

## ઔપચારિકતા

માનવજીવનમાં એક-બીજાને મદદરૂપ થવાના અનેકાનેક સંજોગ-પ્રસંગની અવરજવર થતી રહે છે. બીજાએ કરેલી મહેરબાનીનો પાડ માનવો જોઈએ, આભારની લાગણી પ્રગટ કરવી એ શિષ્ટાચાર છે. વડીલોને માટે તો પૂજ્ય-ભાવ, માન જાળવવા સાથે સંભાળ પણ રાખવી જોઈએ. ગૃહસ્થીની સંપૂર્ણ જવાબદારી નિભાવનારનો પણ આભાર માનવો રહ્યો. પધારો મ્હારે ઘેર, તહેવારોમાં મહેમાન ઘરે આવે ત્યારે દિલથી આવકારીને તે પરત જાય ત્યારે આભાર માનવો જોઈએ. યજમાન, મહેમાન એકમેકનો આભાર માને તે પણ સારું છે. ઘરે આવનારને સત્કાર આપી, આદરમાન આપી સ્વાગત કરવું એ આપણી સંસ્કૃતિમાં છે. સત્કારમાં વિવેક પણ આવકાર્ય. સન્માનની ભાવનાથી કરેલ આગતાસ્વાગતા, ભાવભરી પરોણાગત-આદર અતિથિ માટે કાયમી સંભારણું બની જાય છે. આજકાલ અલગ પરિસ્થિતિ જોવા મળે છે. અતિથિનું આગમન કોઈને ગમતું નથી. ઘરની વ્યવસ્થામાં ખલેલ થાય એવી માન્યતા પ્રવર્ત છે. આદરમાન દેખાડા માત્ર ઔપચારિક-ફોર્મેલિટી હોય છે. માત્ર કહેવા-દેખાડવા પૂરતું-સાચું નહિ, બનાવટી હોય છે. આવકાર પણ બનાવટી, ચહેરા પરનું હાસ્ય પણ નકલી. પ્રેમ, હેત, વ્હાલમાં ઘટાડો થયો છે. હા, સ્વજન હોય તો આભારની લાગણી વ્યક્ત ન કરીએ તો ચાલે પણ તેમના થકી, તેમની હાજરીથી જે આનંદ મળ્યો છે, તેની જાણ કરવી જોઈએ. ચાલો, અતિથિને માનથી સત્કારીએ તેમાં કોઈ બનાવટ નહીં પણ દિલસે વ્યવહાર કરીએ.

**નવસારી - કિશોર આર. ટંડેલ**

## ડુમસ સી ફેસ : ટ્રાફિક જામ ની સમસ્યા : માનવ સર્જિત કે પ્રશાસન ની ખામી

કોઈપણ નવું ફરવાનું સ્થળ ઉભું થાય એટલે લોકો નો તે જગ્યા પર ભારેખમ ધસારો જોવા મળે છે . પછી તે અયોધ્યા રામ મંદિર હોય કે અન્ય કોઈ સ્થળ તેમ ઉદ્ઘાટન થયા પછી તરત જ તે જગ્યા નો લહાવો લેવા સામાન્ય કરતાં 10 ગણી સંખ્યામાં ( નાં કરતાં પણ વધુ) માનવ મહેરામણ ઉમટ્યું હોવાને કારણે આ ટ્રાફિક જામ ની સમસ્યા એક રીતે માનવ સર્જિત હતી !(નવું નવ દહાડા એ ઉક્તિ ને ધ્યાનમાં લેતા એવું બને કે છ મહિના અને વર્ષ પછી આ જગ્યા પર કાગડા પણ ઉડે!) ડુમ્મસના રસ્તે જતા ઈન બીટવીન માર્ગો પર પુષ્કળ ટ્રાફિક હતો જ. જો તે સમયે સમય સૂચકતા વાપરીને થોડીક પબ્લિક અન્ય સ્થળે ફરવા ડાઈવર્ટ થઈ ગઈ હોત, તો બધાને જ સમયની હાલાકી અને એન્જોયમેન્ટ ના નામે જે હેરાનગતિ થઈ તે ન થઈ હોત. ડુમસ દરિયા કિનારા થી પાછા ફરવાનો ટાઈમ વર્ષોથી નિશ્ચિત જ છે. - સી ફેસ ભલે આજે બન્યું હોય !ડુમસ પર ટ્રાફિક પોલીસની વ્યવસ્થા હતી જ પરંતુ એક હદ થી વધારે માનવ સમુદાયને વાહન વ્યવહારને નિયંત્રિત કરવાનું કામ કપરુ હતું . પોતાને હાલાકી ન પડે અને ગિરદી નો ભાગ અને ભોગ ન બને તે માટે લોકો નવી જગ્યાઓ પર ( recently opened) સવારના સમયે અથવા વિકેન્ડ સિવાયના દિવસોએ જવાનું વિચારી શકે. લખનાર આ ઘટના ના સાક્ષી છે.

**સુરત - વૈશાલી શાહ**

## કોણ સમજશે?

આજે દુનિયાભરમાં યુદ્ધ જેવી સ્થિતિ છે, યુદ્ધ તેલ, ગેસ માટે છે, તેથી આજના સમયમાં બચત સૌથી મહત્વપૂર્ણ છે. ટ્રાફિક નિયમો મહત્વપૂર્ણ છે, પણ હું ઘણા સમયથી જોઈ રહ્યો હતો કે રાત્રે ૧૧ વાગ્યા, કોઈ ટ્રાફિક નથી તેવા સ્થાનો એ પણ સિગ્નલ લાઈટ ચાલુ છે, ફક્ત એક કે બે લોકો જ તેના વાહનનું ઈંધણ બગાડે છે, તેવી જ રીતે બપોર મોટાભાગની જગ્યાએ ટ્રાફિક નથી તેવા સ્થાનો એ પણ સિગ્નલ લાઈટ ચાલુ છે, કાયદો મહત્વપૂર્ણ છે, પરંતુ પરિસ્થિતિ કાયદા કરતાં વધુ મહત્વપૂર્ણ છે, સમજદાર લોકોએ પહેલ કરવાની જરૂર છે, કાયદાથી શરૂઆત થાય છે, પણ તે ગમે તે રીતે ચાલુ રહે છે, તે દરેક વખતે શક્ય નથી, આપણે પરિસ્થિતિ અનુસાર બદલાવ કરવો પડશે, આપણે વિકાસશીલ દેશો પાસેથી શીખવુ પડશે,ભણતર કરતા ગણતર પણ હોવુ જોઈએ, કોણ પહેલ કરશે ? કોણ સમજશે ?

**અડાજણ, સુરત - જિજ્ઞેશ બક્ષી**

## કામચોર અને કરચોર

કોઈપણ વ્યક્તિ કે કર્મચારીને જે પગાર મળે છે, તેના પ્રમાણમાં કામ કરવું જોઈએ – આ એક નૈતિક સિદ્ધાંત છે. પરંતુ ઘણીવાર એવું જોવા મળે છે કે લોકો પગાર તો લે છે, પરંતુ કામ યોગ્ય રીતે કરતા નથી, જેના કારણે સમાજમાં અસંતુલન ઊભું થાય છે. આજના સમયમાં માણસ ધીમે ધીમે પોતાની જવાબદારી ભૂલી રહ્યો છે. સરકાર દ્વારા ગરીબ અને વંચિત વર્ગ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે, પરંતુ કેટલાક લોકો તેનો ગેરલાભ ઉઠાવે છે. ઉદાહરણ તરીકે, કેટલાક આદિવાસી ખેતમજૂરોને મળતું મફત અનાજ વેચીને દારૂ પીતા હોય છે અને કામચોર બની ગયા છે. તેઓ મજૂરીના કામે જતાં નથી, જેના કારણે ખેડૂતોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જો કોઈ વ્યક્તિ ધંધો અથવા વ્યવસાય કરે છે, તો તેને ઈમાનદારીપૂર્વક ઈન્કમ ટેક્સ અને જી.એસ.ટી. સરકારને ચૂકવવો જોઈએ. ટેક્સની ચોરી એક ગુનાહિત પ્રવૃત્તિ છે અને દેશના વિકાસમાં અવરોધ ઉભો કરે છે. બીજી તરફ, સરકાર પૂરતી સ્થાયી નોકરીઓ પૂરી પાડવામાં પાછળ પડી રહી છે. હજારો શિક્ષિત યુવાનો બેરોજગાર છે, છતાં તેમને યોગ્ય રોજગાર મળતો નથી. ઘણીવાર તેમને હંગામી અથવા ઓછી પગારની નોકરીઓમાં કામ કરવું પડે છે. જાપાન જેવા દેશોમાં લોકો ખૂબ મહેનતુ, ઈમાનદાર અને જવાબદાર હોય છે, જેના કારણે ત્યાં વિકાસ ઝડપથી થાય છે. આ પરિસ્થિતિ ક્યારે સુધરશે તે પ્રશ્ન ઉભો થાય છે – “આ સમસ્યા ક્યારે દૂર થશે?” અંતમાં સંદેશ એવો છે કે – “પોષણખોર બનો, શોષણખોર નહીં.”

**તરસાડા - પ્રવિણસિંહ મહિડા**

## પંરપરાગત ઉર્જા સ્ત્રોત

તા. ૨૪/૦૩/૨૬ ગુ.મિત્ર. તંત્રી લેખમાં તંત્રી શ્રી એ હાલ ની ઉર્જા કટોકટી માં દેશની પ્રજા ને પરિવહનની આદત બદલવા ભાર મૂક્યો છે, મિડલ ઈસ્ટના દેશોમાં જે વારંવાર યુધ્ધ ની સ્થિતિ સર્જાઈ છે જેનુ મુખ્ય કારણ પેટ્રોલ ડીઝલ છે,આયાત ના આંકડા મુજબ હાલમાં આપણો દેશ પેટ્રોલ ડીઝલ માં ૮૦ ટકા આયાત ઉપર નિર્ભર છે, ઉર્જા કટોકટી માં થી નીકળવા માટે આપણે પેટ્રોલ ડીઝલ ની બચત કરવી જ પડશે, અને પંરપરાગત ઉર્જા સ્ત્રોત તરફ વળવુ પડશે,૫૦૦ મીટર દૂર બજાર જવા માટે પણ આપણે સ્કુટર નો ઉપયોગ કરીએ છીએ, અને સવારે કસરત કરવા આપણે ચાલવા જઈએ છીએ.

જેના માટે સાઈકલ નો ઉપયોગ કરી શકાય, સરકારે પ્રજાને સાઈકલ ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, શહેરોમાં જાહેર પરિવહન નો ઉપયોગ કરવો જોઈએ, ગામડામાં પશુધન ઉર્જા ને કન્વર્ટ કરવા માટે સરકારે સબસિડી આપવી જોઈએ, પેટ્રોલિયમ પેદાશોની આયાત ઓછી થશે તો વિદેશી હૂંડિયામણ બચશે તો ડોલર સામે રૂપિયો મજબૂત બનશે, ઘરેલુ પેટ્રોલિયમ પેદાશોના ઉત્પાદન અને સંશોધન વધારવું જોઈએ, આપણને જ્યારે સહેલાઈથી પેટ્રોલ ડીઝલ આયાતી મળતુ ત્યારે આપણે આ બધું ધ્યાન આપતા નથી, રાંધણ ઉર્જામાં આપણે ટોટલી ગેસ માં રૂપાંતરિત થઈ ગયા છે જે હવે ભાડે પડે છે, એમાં આપણે ઈલે. સગડી,કોલસો, બાયોગેસ,લાકડું જેવી પંરપરાગત ઉર્જા તરફ વળવુ પડશે જે પ્રકૃતિ ચક્ર માં હોય જેથી તેનો ભંડાર ખાલી ન થાય. હવે આમ તો આપણે સોલાર, પવન, ઉર્જા માં રૂપાંતરિત થઈ રહ્યા છે જે સારા કદમ છે.

**કીમ - પી.સી.પટેલ**